# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મોંગોલિયન રાષ્ટ્રપ્રમુખ ખુરેલસુખ ઉખના સાથે દ્વિપક્ષિય મંત્રણા કરશે.

2) પ્રધાનમંત્રી મોદીએ અમેરિકાની મધ્યસ્થીથી યુદ્ધવિરામ કરાર હેઠળ હમાસની કેદમાંથી બચી ગયેલા તમામ ઇઝરાયલી બંધકોની મુક્તિનું સ્વાગત કર્યું.

3) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની પ્રશંસા કરી - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને "ખૂબ જ સારા મિત્ર" ગણાવ્યા.

4) બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે EVM-VVPATsનું પ્રથમ પરીક્ષણ પૂર્ણ.

5) વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારત વિજયથી માત્ર 58 રન દૂર.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ-MONGOLIA-INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મોંગોલિયન રાષ્ટ્રપ્રમુખ ખુરેલસુખ ઉખના સાથે વાતચીત કરશે અને દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરશે. વાટાઘાટો બાદ અનેક કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

મોંગોલિયન રાષ્ટ્રપ્રમુખ આજે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે, અને રાષ્ટ્રપતિ તેમના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કરશે. મોંગોલિયન રાષ્ટ્રપ્રમુખ ખુરેલસુખ ઉખના ભારતની ચાર દિવસની મુલાકાતે ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા હતા. રાષ્ટ્રપ્રમુખ તરીકે ખુરેલસુખની આ ભારતની પ્રથમ મુલાકાત છે.

સાંભળીએ એક અહેવાલ.....

(V/C- ANUPAM)

# NEW-TRUMP-PEACE-DEAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાની મધ્યસ્થીથી યુદ્ધવિરામ કરાર હેઠળ હમાસની કેદમાંથી બચી ગયેલા તમામ ઇઝરાયલી બંધકોની મુક્તિનું સ્વાગત કર્યું છે.

તેમણે કહ્યું, ભારત રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના પ્રદેશમાં શાંતિ લાવવાના નિષ્ઠાવાન પ્રયાસોને સમર્થન આપે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું,

બંધકોની મુક્તિ તેમના પરિવારોની હિંમત, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના અવિશ્વસનીય શાંતિ પ્રયાસો અને પ્રધાનમંત્રી નેતન્યાહૂના દૃઢ નિશ્ચયનું પરિણામ છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ઇઝરાયલ-ગાઝા શાંતિ કરાર હેઠળ બંધકોની મુક્તિ પશ્ચિમ એશિયામાં એક નવા યુગની શરૂઆત દર્શાવે છે. ઇઝરાયલી સંસદને સંબોધતા, શ્રી ટ્રમ્પે બે વર્ષના યુદ્ધના અંતની ઉજવણી કરી, જ્યારે હમાસે તમામ 20 બચી ગયેલા બંધકોને મુક્ત કર્યા અને ઇઝરાયલે અમેરિકાની મધ્યસ્થીથી યુદ્ધવિરામ કરાર હેઠળ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા.

બે વર્ષના યુદ્ધ પછી ગાઝામાં બાકી રહેલા 20 બંધકોને ઇઝરાયલ પરત કરવામાં આવ્યા.

(BYTE- TRUMP-S.I-FINAL)

# TRUMP-PEACE-DEAL

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ ઇજિપ્તમાં ગાઝા શાંતિ સમિટમાં હાજરી આપશે નહીં. શ્રી નેતન્યાહૂએ આમંત્રણ બદલ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો, પરંતુ હાજરી આપવા માટે અસમર્થતા વ્યક્ત કરી. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ ઇજિપ્તના રાષ્ટ્રપ્રમુખ અબ્દેલ ફત્તાહ અલ-સીસી સાથે ઇજિપ્તના શર્મ અલ-શેખમાં ગાઝા શાંતિ સમિટની સહ-અધ્યક્ષતા કરશે. ગાઝામાં સંઘર્ષનો અંત લાવવા માટે 20 થી વધુ વૈશ્વિક નેતાઓ આ સમિટમાં હાજરી આપશે.

આ દરમિયાન, ઇઝરાયલ ગાઝામાં યુદ્ધવિરામ કરાવવામાં મધ્યસ્થી અને ઇઝરાયલી બંધકોને મુક્ત કરાવવામાં તેમની મુખ્ય ભૂમિકા બદલ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તેમના સર્વોચ્ચ નાગરિક સન્માન, ઇઝરાયલી રાષ્ટ્રપ્રમુખ પદક ઓફ ઓનરથી સન્માનિત કરશે. ઇઝરાયલ રાષ્ટ્રપ્રમુખ આઇઝેક હર્ઝોગ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પને આ એવોર્ડ અર્પણ કરશે.

# TRUMP-MODI-FRIEND

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની પ્રશંસા કરી છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને "ખૂબ જ સારા મિત્ર" ગણાવ્યા છે. ગઈકાલે, ઇજિપ્તમાં શર્મ અલ-શેખ સમિટમાં, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ભારતને એક મહાન દેશ ગણાવ્યો હતો અને કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ ત્યાં ખૂબ જ સારું કામ કર્યું છે.

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે પાકિસ્તાન અને ભારત વચ્ચેના સંબંધો માટે આશા વ્યક્ત કરતા કહ્યું કે, બંને દેશો સાથે સારી રીતે રહેશે. ગાઝામાં ઇઝરાયલ-હમાસ યુદ્ધનો અંત લાવવા માટે ઐતિહાસિક શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા બાદ તેમણે આ ટિપ્પણી કરી હતી. ઐતિહાસિક ગાઝા શાંતિ યોજનાની સફળતા બદલ પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ સાથે ફોન પર વાત કર્યાના થોડા દિવસો પછી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પનું આ નિવેદન આવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# EC-EVM-VVPAT

**બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન- વોટર વેરિફાઇબલ પેપર ઓડિટ ટ્રેઇલ (EVM-VVPATs)નું પ્રથમ પરીક્ષણ પૂર્ણ થયું છે. ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું કે, રાષ્ટ્રીય અને રાજ્ય માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા EVM મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા ચકાસણી કરવામાં આવી.**

**મતદાન સંસ્થાએ ઉમેર્યું કે, મતવિસ્તારવાર યાદીઓ તમામ રાષ્ટ્રીય અને રાજ્ય માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું કે, આ EVM અને VVPATs રાષ્ટ્રીય અને રાજ્ય માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં સંબંધિત વિધાનસભા**

સ્ટ્રોંગ રૂમમાં સંગ્રહિત કરવામાં આવશે. આ યાદી તમામ ચૂંટણી લડતા ઉમેદવારો સમક્ષ પણ રજૂ કરવામાં આવશે.

# PM-BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતિકાલે બિહારમાં બૂથ સ્તરના પાર્ટી કાર્યકરો સાથે વાતચીત કરશે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ પાર્ટી કાર્યકરોને "મેરા બૂથ સબસે મજબૂત" અભિયાનમાં જોડાવા અને તેમના સૂચનો રજૂ કરવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેઓ કેટલાક પાર્ટી કાર્યકરો સાથે તેમના સૂચનો વિશે સીધી વાત પણ કરશે.

# GST-REFORMS-MIZORAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ GST સુધારાઓની જાહેરાત કરી તેને "બચત ઉત્સવ" ગણાવ્યો છે અને સમગ્ર દેશ તેનો લાભ લઈ રહ્યો છે.

અમારા સંવાદદાતા મિઝોરમમાં આ સુધારાઓ દ્વારા વિવિધ ઉદ્યોગોને મજબૂત બનાવવાનો અહેવાલ આપે છે.

(V/C- ARZOO-GST)

# TEST-CRICKET-IND-VS-WI

ભારત આજે વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પાંચમા દિવસે બીજા દાવમાં એક વિકેટે 63 રનથી રમશે.

સાંભળીએ એક અહેવાલ....

(V/C- SHAKTI—SPORTS)

# WB-DURGAPUR

પશ્ચિમ બંગાળના દુર્ગાપુરની એક કોર્ટે એક ખાનગી કોલેજમાં મેડિકલ વિદ્યાર્થીની પર થયેલા ગેંગરેપના કેસમાં વધુ બે શંકાસ્પદોને પોલીસ કસ્ટડીમાં મોકલ્યા છે. આ ઘટનામાં સામેલ અન્ય ત્રણ આરોપીઓને પહેલાથી જ દસ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ ડૉ. સી.વી. આનંદ બોઝ ગઈકાલે દુર્ગાપુરમાં પીડિતાને મળ્યા હતા. આ ઘટનાને "હૃદયદ્રાવક" ગણાવતા, રાજ્યપાલે પીડિતાના માતા-પિતા સાથે પણ મુલાકાત કરી હતી અને તેમને ખાતરી આપી કે, ન્યાય સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે. રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ આરોપ લગાવ્યો કે, આ કેસમાં શાસક તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ સંડોવાયેલા છે. ભાજપના નેતા અને લોકસભા સાંસદ બાંસુરી સ્વરાજે પણ આ ઘટનાની સખત નિંદા કરી હતી.

ઓડિશા મહિલા આયોગની ત્રણ સભ્યોની ટીમે, અધ્યક્ષ સોવના મોહંતીના નેતૃત્વમાં, પીડિતાની મુલાકાત લીધી હતી. ડાબેરીઓ સહિત અનેક રાજકીય પક્ષોએ મુખ્યમંત્રી મમતા બેનર્જીની તાજેતરની ટિપ્પણીની ટીકા કરી હતી. મહિલા સંગઠનો અને નાગરિક સમાજે પણ પીડિતાને દાખલ કરાયેલી ખાનગી મેડિકલ કોલેજની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- ગુજરાત સમાચારએ ભળકે બળતું સોનું -ચાંદીને મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- અને હમાસ અને ઈઝરાયેલ યુદ્ધ પર પૂર્ણ વિરામને બોક્સમાં સ્થાન આપ્યું છે
- સંદેશે irctc હોટેલ કૌભાંડ અંગે લાલુ પ્રસાદ અને રાબડી દેવી ,તેજસ્વી સામે ચાર્જ શીટ ને મુખ્ય હેડલાઇન બનાવી છે. આનંદો -મોંઘવારી ઘટી -સપ્ટેમ્બર માં રિટેલ ફુગાવો ઘટીને 1.54 ટકા થયો ના સમાચાર ને પહેલા પેજ પર બોક્સમાં છાપ્યા છે
- નવ ગુજરાત સમાચારે આજે આકાશ શાંત,બંદુકો ચૂપ છે.. ડોનાલ્ડ ટ્રમ્પના સમાચારને અલગ અલગ તસવીરો સાથે મુખ્ય મથાળું બનાવ્યું છે ..
- પ્રોવિડંડ ફંડના નિયમો સરળ બનાવ્યા હવે ખાતાધારક પૂરેપૂરી રકમ ઊપાડી શકશે- આ સમાચારને મુખ્ય તમામ અખબારોએ પહેલા પેજ ઉપરબોકસમાં છાપ્યા છે
- ફૂલછાબે ગાઝાની શાંતિ વિરુદ્ધ પાક.મા લોહિયાળ અશાંતિને હેડલાઇન બનાવી છે..
- આ ઉપરાંત રાજ્ય અને સ્થાનિક સમાચારમાં દિવાળીમાં રાત્રીના આઠ વાગ્યાથી દસ સુધી જ ફટાકડા ફોડવાની રાજ્ય સરકારે જાહેર કરેલી માર્ગદર્શિકા અને મુખ્યમંત્રી અને ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલની દિલ્હી મુલાકાત બાદ રાજકિય અટકળોના સમાચાર છેલ્લા પેજ પર વાંચવા મળી રહ્યાં છે.